<u>ક્રિ.પરચુ. અરજી નં. ૩૧૧/૨૦૨૩</u>

## ::- આંક-૯ ની અરજી હેઠળ હુ ક મ -::

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારે સામાવાળ સામે ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ-૨૦૦૫ ની કલમ-૨૩(૨) મુજબ વચગાળાની રાહત મેળ વવા માટે હાલની અરજી કરી જણાવેલ છે કે, અરજદાર તથા તેમના સગીર બાળકો માટે અત્રેની કોર્ટમાં ઘરેલુ હિંસાના કાયદા હેઠળની સામાવાળા સામે અરજી કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદારે મુળ અરજીમાં માંગવામાં આવેલી રાહતો/દાદ તાત્કાલીક આપવી પડે તેમ છે. જો મુળ અરજીમાં માંગેલ રાહતો/દાદ એકસપાટી અને વચગાળાના ધોરણે આપવામાં નહી આવે તો અરજદારને ભારે આર્થિક મુસીબતોનો સામનો કરવો પડે તેમ છે.

(૨) અરજદારે હાલની અરજી રજુ કરી સામાવાળા પાસેથી વચગાળાનું ભરણપોષણ માટેની રકમની માંગણી કરેલી છે.

(૩) સામાવાળા તર્ફે આંક-૧૮ થી અરજદારની અરજી વિરૂધ્ધ જવાબ રજુ કરેલ છે. સામાવાળાએ તેમના જવાબમાં જણાવેલ છે કે, સામાવાળા નં. ૧ અરજદારને સારી રીતે રાખતા હોવાછતાં, અરજદાર નં. ૧ ને સાથે રહેવુ ન હોઈ ખોટી રીતે ઝઘડો કંકાસ કરે છે. તેઓએ વધુમાં જણાવેલ

કરે છે તેઓની સ્કુલ ફી, તેમજ સ્કુલમાં બાકી ફી, બેંક સ્ટેટમેન્ટ વગેરે ધ્યાને લેતાં અરજદાર નં. ૨ તથા ૩ નાઓનું જીવનધોરણ તેમજ તેમના અભ્યાસના ખર્ચને ધ્યાને લેતા અરજદારોને વચગાળાની ભરણપોષણની રકમ સામાવાળાએ ચુકવવી જરૂરી છે, તે હકીકતો ધ્યાને લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળાએ અરજદારનં.(૧)ને માસિક રૂ. ૨,૦૦૦/- તથા અરજદાર નં. (૨), (૩) દરેકના રૂ.૧,૦૦૦/- લેખે કુલ રૂા. ૪,૦૦૦/- (અંકે રૂપિયા ચાર હજાર પુરા) ની રકમ વચગાળાના ભરણપોષણ પેટે તા.૧/૪/૨૦૨૪ ના રોજથી દરમાસે ચઢયે ચઢયા ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ ૫ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૫/૪/૨૦૨૪.

( આસીફ આબીદહુસૈન ખેરાદાવાલા )
જયુડીશીયલ મેજી. ફર્સ્ટ કલાસ,
માંગરોલ, જી.સુરત
(કોડ-જીજે ૦૧૨૮૨)